# Rotary Pulse

R.I. Dist. 3060 | Club No. 15189 | Charter Date 17th July 1959

SERVE TO CHANGE LIVES








| R I President | Dist. Governer | President | Club Secretary | Bulletin Editor |
|---|---|---|---|---|
| Shekhar Mehta | Santosh Pradhan | Ketan Parekh | Kapil Kotecha | Binduben Shah |
| | | +91 9824286186 | +91 9825230253 | +91 93287 27598 |


Year 2021-22 | Bulletin No. 5 | Dt. 01-10-2021

## Members celebrating / celebrated their Birthdays

| | | |
|---|---|---|
| Ashwin Cholera | 24 Oct. | 9898047848 |
| Jiten Gandhi | 26 Oct. | 9725212345 |
| Mukesh Thakkar | 30 Oct. | 9879741609 |



**Wish you a very very happy birthday...**

## Members celebrating / celebrated their Marriage Anniversary

| | | |
|---|---|---|
| Jayesh & Daxa Pattani | 19 Oct. | 9825047696 |
| Anil & Swati Mandalia | 20 Oct. | 9712960333 |
| Utsav & Narmta Thakrar | 20 Oct. | 9978659418 |



**We wish you a very happy anniversary & a married life...**

## આગામી પ્રોજેક્ટ

| | | |
|---|---|---|
| તારીખ | : | ૧૦-૧૦-૨૦૨૦ |
| સમય | : | સવારે ૧૦:૦૦ થી ૨:૦૦ |
| સ્થળ | : | મનન હોસ્પિટલ, યુગાન્ડા રોડ, પોરબંદર |
| એજન્ડા | : | વોકહાર્ટ હોસ્પિટલ, રાજકોટ અને રોટરી કલબ ઓફ પોરબંદર તથા ઈનરવ્હિલ કલબ ઓફ પોરબંદરના સંયુકત ઉપક્રમે ફ્રી-તપાસ કેમ્પ. |
| પ્રોજેક્ટ ચેરમેન | : | રો. પરાગ મજીઠીયા (રોટરી કલબ)<br>હંસાબેન ગોહેલ (ઇનર વ્હિલ કલબ) |



# જરૂરીયાતમંદ પરિવારોને રાશનકિટ વિતરણ

તા. ૨૨-૦૮-૨૦૨૧ ને રવિવારના દિવસે શિંગડા ગામ ખાતે રાશનકીટ વિતરણ કરવામાં આવી હતી. આ કિટ વિતરણ માં રૂ. ૧૫૦૦/- ની એક એવી કુલ ૬૫ જેટલી કિટ વિતરણ કરવામાં આવેલ હતી. આ કિટ વિતરણના સ્પોન્સર શ્રી જમનાદાસ ભાઇ રૂપારેલ પરિવાર નો ખૂબ ખૂબ આભાર તેમજ આ સમગ્ર પ્રોજેકટ માટે પ્રયાસ કરવા બદલ અને પ્રોજેકટને સફળતાસુધી પહોંચાડવામાટે જહેમત ઉઠાવનાર આપણી કલબના રો. વિજય મજીઠીયાને આભાર સહ ખૂબ ખૂબ અભિનંદન.









# અનાજ કિટ વિતરણ

તારીખ 11-09-2021 ના દિવસે રોટરી ક્લબ પોરબંદર દ્વારા, HIV ગ્રસ્ત જરૂરીયાત મંદ 2 પરિવારને સુદામા જોલી કીટ (Round-7) વિહાન કેર સેંટર પરથી આપવામાં આવેલ. HIV ગ્રસ્ત જરૂરીયાત મંદ 2 પરિવારને સુદામા જોલી કીટ બનાવીને આપવામાં આવેલ. એક કીટ ની કિંમત રૂ. 3000 છે. આપણા રો. નિમેષભાઈ શાહ ના પ્રયાસથી તેમના ખાસ મિત્ર સંજયભાઈ જમનાદાસ ઠકરાર (મૂળ પોરબંદરના હાલ ગાંધીધામ) દ્વારા સહયોગ પ્રાપ્ત થયેલ છે. સંજયભાઈ જમનાદાસ ઠકરાર નો સેવાકીય કાર્ય માટે ખુબ ખુબ આભાર. આ સારું કાર્ય થઈ શકે તે માટેના પ્રયાસ કરવા માટે રો.નિમેષભાઈ શાહ નો ખુબ ખુબ આભાર.





# રકતદાન શિબિર

તા. ૧૧-૦૯-૨૦૨૧ ને શનિવારના દિવસે રાણા ખીરસરા (રાણાવાવ, પોરબંદર)ખાતે આપણી કલબ અને રીઝવાન આડતિયા ફાઉન્ડેશન સાથે મળીને રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવેલ હતું. મહામારીના કપરા સમયમાં ઉભી થયેલી રકતની જરૂરીયાતને પહોંચી વળવા માટે આ રકતદાન શિબિરનું આયોજન કરેલ હતું. આ રકતદાન શિબીરમાં શ્રીરામ વોલન્ટરી બ્લડ બેન્ક અને નાથાણી વોલન્ટરી બ્લડ બેન્ક નો સહકાર મળેલ હતો તે બદલ તેમનો ખૂબ ખૂબ આભાર. ઉપરાંત રિઝવાન આડતિયા ફાઉન્ડેશન (દર્શન પડિયાર)નો પણ ખૂબ ખૂબ આભાર. આ પ્રોજેકટને સફળ બનાવવા માટે પ્રોજેકટ ચેર રો. જયેશ પત્તાણીનો અભિનંદન સહ આભાર. આ શિબિરમાં કલબ પ્રમુખ રો. કેતન પારેખ, સેક્રેટરી કપિલ કોટેચા, રો. અનિલરાજ સિંઘવી, રો. હર્ષિત રૂઘાણી, રો. જયેશ પત્તાણી હાજર રહેલ હતા.








# ઈનરવ્હીલ ડિસ્ટ્રીકટ ચેરની ઓફિસીયલ વિઝીટ

તા. ૨૦-૦૯-૨૦૨૧ ના રોજ ઇનરવ્હીલ કલબ ઓફ પોરબંદરના ડિસ્ટ્રીકટ ચેરમેન શ્રીમતી સુષ્માબેન અગ્રવાલ (ધુલે, મહારાષ્ટ્ર) તથા ડિસ્ટ્રીકટ સેક્રેટરી ડૉ. તેજલબેન દેસાઇ તેમની ઓફિસીયલ કલબ વિઝીટ માટે પધારેલા ત્યારે આપણી પરંપરા મુજબ રોટરી કલબ અને ઇનરવ્હીલ કલબની જોઇન્ટ મીટીંગ રાખવામાં આવી હતી. સૌ પ્રથમ ઇનરવ્હીલ કલબ પ્રેસિડેન્ટ કવિતાબેન પારેખે મીટીંગ કોલ-ટુ-ઓર્ડર અને રોટરી પ્રેસિડેન્ટ કેતનભાઇ પારેખ મીટીંગ કોલ-ટુ-ઓર્ડર કર્યા બાદ ઇનરવ્હીલ પ્રેયર સુનયનાબેન ડોગરા અને રોટરી પ્રેયર રો. યોગેશભાઇ સીમરીયાએ કરી. રોટરી ફોરવે ટેસ્ટનું વાંચન રો. દિપનેભાઇ બારાઇએ કરેલ ત્યાર બાદ ઇનરવ્હીલ પ્રેસિડેન્ટ કવિતાબેન પારેખ અને ઇન્નરવ્હીલ સેક્રેટરી જયશ્રીબેન દ્વારા ફુલોથી સ્વાગત કરેલ અને રોટરી પ્રેસિડેન્ટ કેતનભાઇ પારેખ અને રોટરી સેક્રેટરી કપિલભાઇ કોટેચા દ્વારા ફુલોથી સ્વાગત કર્યા બાદ શબ્દોથી સ્વાગત કરવામાં આવ્યું. ઇનરવ્હીલ પ્રેસિડેન્ટ કવિતાબેન પારેખે શબ્દોથી સ્વાગત કર્યા બાદ તેમના આગામી પ્રોજેકટની જાણકારી આપી હતી ત્યાર બાદ રોટરી પ્રેસિડેન્ટ કેતનભાઇ પારેખ દ્વારા મહેમાનોનું

સ્વાગત કર્યા બાદ રોટરી પાસ્ટ પ્રેસિડેન્ટ મુકેશભાઇ દ્વારા સમાજ માટે ખુબ જ ઉમદા કામગીરીને બિરદાવવામાં આવી. મુકેશભાઇ કોરોના મહામારી સમયે સતત ૧૫ દિવસ હાજર રહી પોરબંદર સ્મશાન ભઠ્ઠીને રીપેરીંગ કરાવીને તેમજ રૂા. ૨૫,૦૦,૦૦૦/- જેવું માતબર દાન એકત્ર કરીને સોલાર સિસ્ટમ ઇન્સ્ટોલ કરાવી આપેલ છે. જેથી સ્મશાન ભઠ્ઠીને ઇલેકટ્રીકના દર મહિને રૂા. ૫૦,૦૦૦/- ની બિલની બચત થાય છે. આવા સમાજ ઉપયોગી કાર્ય માટે રો. મુકેશભાઇ તેમજ પીપી ઇલાબેનને ચેરમેર દ્વારા સન્માનિત કરેલ. ત્યાર બાદ રોટરી સેક્રેટરી કપિલભાઇએ સેક્રેટરીયલ એનાઉસમેન્ટ કરેલ. જન્મદિવસની શુભેચ્છા આપી અને ચાલુ માસમાં કરવામાં આવેલ પ્રોજેકટની માહિતી આપી. ઇનરવ્હીલ સેક્રેટરી તેમના પ્રોજેટકનું વાંચન કર્યા બાદ પીપી ઇલાબેને ચેરમેનનો પરીચય તેમજ નવા સભ્ય સુચિત્રાબેન ભટ્ટ, ડિસ્ટ્રીકટ સેક્રેટરીનો પરિચય આપેલ. ત્યાર બાદ ડિસ્ટ્રીકટ સેક્રેટરીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું ત્યાર બાદ લાયન્સ કલબના વિજયભાઇ ઉનડકટ દ્વારા જરૂરીયાતમંદ વિદ્યાર્થીનીને શૈક્ષણિક મદદ આપવામાં આવી અને ત્યારબાદ ઇનરવ્હીલ ચેરમેને વકતવ્યમાં કલબ દ્વારા ખુબજ વ્યવસ્થિત અને સુંદર કામગીરીઓ થાય છે તેમજ સમગ્ર ડિસ્ટ્રીકટમાં જેનું ઉમદા ઉદાહરણ આપી શકાય તેવું સુંદર કાર્ય કલબ કરી રહી છે. આ બાદ તેમણે પીડીજી રાધિકાબેન વાડિયાનું માર્ગદર્શન અને પ્રેસિડેન્ટ કવિતાબેન પારેખ અને તેમની ટીમને બિરદાવવામાં આવી. ત્યાર બાદ ફલેગ એક્ષેચેન્જ કરેલ. આભારવિધિ વાઇઝ પ્રેસિડેન્ટ હેતલબેન દ્વારા કરવામાં આવેલ ત્યારબાદ સૌએ સાથે ભોજન લીધું.





















## અભિનંદન

આપણી કલબના ઉત્સાહી પૂર્વ પ્રમુખ રો. જયેશ પત્તાણીની ડિસ્ટ્રીકટ-૩૦૬૦ માં વર્ષ ૨૦૨૧-૨૨ માટે રોટરી સોશ્યલ સિકયોરીટી સ્કીમના સૌરાષ્ટ્ર રિજિયન કો-ઓર્ડીનેટર તરીકે પસંદગી થયેલ છે. તે બદલ રો. જયેશ પત્તાણીને ખૂબ ખૂબ અભિનંદન સહ શુભેચ્છાઓ.

## અભિનંદન

આપણા જીજ્ઞેશભાઇ કારિયા પોરબંદર ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ અને ગુજરાત વ્યાપાર સેલના સદસ્ય તરીકે નિમણૂંક પામેલ છે તે બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન તથા સાગર મોદીની નિમણૂંક ભારતીય જનતા પાર્ટીના યુવા પ્રમુખ તરીકે થતા તેમનું અભિવાદન તા. ૧૭-૦૯-૨૦૨૧ ના બિરલા હોલખાતે કરવામાં આવેલ તેમને પણ ખૂબ ખૂબ અભિનંદન. જીજ્ઞેશભાઇ દ્વારા અલ્પાહારની વ્યવસ્થા સાથે રોટરી મેમ્બરોનું સ્વાગત કરવામાં આવેલ.





